ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પ્રમુખના ભથ્થામાં વધારો

તાલુકા પ્રમુખના પ્રવાસન ભથ્થામાં રૂપિયા ૨૦ હજારનો વધારો કરાયો

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત પ્રમુખના ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રવાસન ભથ્થામાં ધરખમ વધારો કરાયો છે. જિલ્લા પ્રમુખના પ્રવાસન ભથ્થામાં ૫૦ હજાર જેટલો જંગી વધારો કરાયો હોવાથી રોષ પણ જોવા મળી રહ્યો છે. જેના ભગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખનું પ્રવાસન ભથ્થું જે અગાઉ રૂપિયા ૮૦ હજાર હતું. તેમાં વધારો કરીને આ ભથ્થું ૧.૩૦ લાખ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

બીજી બાજુ તાલુકા પંચાયત પ્રમુખના પ્રવાસનના ભથ્થામા પણ વધારો કરાયો છે. જેમાં ૨૦ હજારનો વધારો કરાતા તાલુકા પ્રમુખનું પ્રવાસન ભથ્થું જે અગાઉ રૂપિયા ૪૦ હજાર હજાર હતું તે ૬૦ હજાર સુધી પહોંચી ગયું છે. આ અંગે રાજ્યના

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબરઃ L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ **ટેલિ.:** +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧/૨૩૨૬૮૫૦૦
ફેક્સઃ +૯૧-૭૯-૨૩૨૬૮૫૦૬, **વેબસાઇટઃ** www.gspcgroup.com **ઇમેઇલઃ** investors.gspl@gspc.in

૨૫મી(પચીસમી) વાર્ષિક સાધારણ સભાની નોટિસ અને ઇ-વોટિંગ અંગેની માહિતી

૧. વીસી/ઓએવીએમ દ્વારા કંપનીની ૨૫મી વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ(“કંપની”) ના શેરધારકોની ૨૫મી (પચીસમી) વાર્ષિક સાધારણ સભા (“એજીએમ“) ગુરૂવાર, તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરનાં ૩:૦૦ વાગ્યે કંપની કાયદો ૨૦૧૩માં લાગુ પડતી જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ અને જવાબદારીઓ અને ઘટસ્ફોટ જરૂરીયાત) નિયમ ૨૦૧૫ને કોર્પોરેટ બાબતોનાં મંત્રલાય દ્વારા જારી કરાયેલ (“એમસીએ પરિપત્રો”) સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ તા.૫મી મે,૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૧ તા.૧૩મી જાન્યુઆરી,૨૦૨૧, સામાન્ય પરિપત્ર નં.૨૧/૨૦૨૧ તા.૧૪મી ડિસેમ્બર,૨૦૨૧,સામાન્ય પરિપત્ર નં.૦૨/૨૦૨૨ તા.૦૫મી મે,૨૦૨૨ અને સામાન્ય પરિપત્ર નં.૧૦/૨૦૨૨ તા.૨૮મી ડિસેમ્બર,૨૦૨૨ અને સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ “સેબી” નાં તા. ૧૨મી મે, ૨૦૨૦, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧, ૧૩મી મે, ૨૦૨૨ અને ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ (સામુહિક રીતે “સેબી પરિપત્રો” તરીકે સંદર્ભિત”) ની જોગવાઈનું પાલન કરીને એજીએમની નોટિસમાં નક્કી કર્યા મુજબ કામકાજની કાર્યવાહી કરવા માટે વિડીયો કોન્ફરન્સીંગ (“વીસી”) / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (“ઓએવીએમ”) મારફત યોજવામાં આવશે.

એમસીએનાં અને સેબીનાં પરિપત્રોના અનુપાલનમાં, મીટિંગમાં વ્યવહાર કરવા માટેના સામાન્ય અને વિશેષ કારોબારને સુયોજિત કરતી નોટીસ અને તેની સાથે જોડાયેલ સ્પષ્ટીકરણ નિવેદન, ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલ નાણાંકીય વર્ષ માટે કંપનીના ઓડિટેડ નાણાંકીય નિવેદનો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) રિપોર્ટ સાથે અને તેનાં પરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને ઓડિટર્સના અહેવાલો ૨૨મી ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા જેમનાં ઈ-મેલ સરનામા કંપનીનાં આર એન્ડ ટીએ / ડિપોઝીટરી સહભાગીઓ સાથે નોંધાયેલા છે, માત્ર તેઓને જ મોકલવામાં આવેલ છે. એમસીએ પરિપત્રો અને સેબી પરિપત્રો અનુસાર એજીએમની નોટીસની ફીઝીકલ નકલ મોકલવાની જરૂરિયાત રહેતી નથી.

વાર્ષિક અહેવાલ ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપર તેમજ કંપનીનાં શેર લીસ્ટેડ છે તે સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ એટલે કે બી.એસ.ઇ. લિમીટેડ www.bseindia.com ઉપર અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડીયા લિમિટેડ www.nseindia.com ઉપર અનુક્રમે ઉપલબ્ધ છે. તદ્દઉપરાંત સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમીટેડ (સી.ડી.એસ.એલ.) ની વેબસાઈટ (www.evotingindia.com) ઉપર પણ ઉપલબ્ધ છે.

એજીએમની નોટીસ અને સ્પષ્ટીકરણ નિવેદનોમાં ઉલ્લેખિત તમામ દસ્તાવેજો અગાઉની વિનંતીના આધારે ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે. આવા દસ્તાવેજોની તપાસ કરવા માંગતા સભ્યો investors.gspl@gspc.in પર ઈ-મેલ મોકલી શકે છે.

૨. એજીએમ દરમિયાન રિમોટ ઇ-વોટિંગ અને ઇ-વોટિંગ માટેની સુચના :-

કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૦૮ નાં અનુપાલનમાં, કંપનીઓના (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ (સમયાનુસર સુધારવામાં આવેલ) અને સેબીનાં નિયમન ૪૪ (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરિયાતો) નિયમન ૨૦૧૫ની સાથે વાંચતા અને અનુપાલનમાં કંપની તેના સભ્યોને ઈલેક્ટ્રોનીક માધ્યમો (ઈ-વોટીંગ) દ્વારા એજીએમમાં પસાર કરવા માટે પ્રસ્તાવિત ઠરાવો પર મત આપવાના તેમના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પુરી પાડેલ છે. સભ્યો ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમનો ઉપયોગ કરીને મીટીંગના સ્થળ સિવાય અન્ય જગ્યાએથી તેમના મત (રિમોટ ઈ-વોટીંગ) આપી શકે છે. કંપનીએ ઈ-વોટિંગ સુવિધાઓ પુરી પાડવા માટે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ ઈન્ડીયા) લિમીટેડ અથવા “સીડીએસએલ” ની સેવાઓ રોકેલ છે.

વધુમાં, ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પણ એજીએમમાં ઈલેક્ટ્રોનીક માધ્યમથી (ઈ-વોટિંગ) ઉપલબ્ધ રહેશે. મીટીંગમાં હાજરી આપનાર સભ્યો કે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં પોતાનો મત આપી શકશે.

ડીમટીરિયલાઈઝ્ડ મોડ, ફિઝીકલ મોડ માં શેર ધરાવનાર શેરધારકો માટે રિમોટ ઈ-વોટિંગ / ઈ-વોટિંગની રીત અને શેરધારકો કે જેમણે તેમના ઈ-મેઈલએડ્રેસ રજીસ્ટર કરાવ્યા નથી, તેમના માટે ૨૫મી એજીએમની નોટિસનાં “નોંધ” વિભાગમાં નોટિસ માં દર્શાવેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપવા માટેની પ્રક્રિયા અને ઈ-વોટિંગની સુચનાઓ બાબત વિગતવાર માહિતી આપવામાં આવી છે. સભ્યોને વિગતવાર સંદર્ભ આપવા વિનંતી કરવામાં આવે છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ અને નિયમોની જોગવાઇઓને અનુરૂપ વિગતો અહીં આપવામાં આવેલ છે:

- ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને સમય : સોમવાર, ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૦૯.૦૦ વાગ્યાથી.
- ઈ-વોટિંગ પૂર્ણ થવાની તારીખ અને સમય : બુધવાર, ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી.
- રીમોટ ઈ-વોટિંગને ઉપરોક્ત તારીખ અને સમય પછી મંજૂરી આપવામાં આવશે નહી.
- રીમોટ ઈ-વોટિંગની લાયકાતની કટ-ઓફ તારીખ ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩છે.
- જે સભ્યનું નામ કટ-ઓફ તારીખ એટલે કે ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સભ્યોનાં / લાભકર્તા માલિકોનાં રજીસ્ટરમાં આવેલ હશે તેઓ જ એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અથવા ઈ-વોટીંગની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે.
- મીટીંગની નોટીસ રવાના કર્યા બાદ કોઈ (એટલે કે ફીઝીકલ શેરધારકો અને ડીમેટ મોડમાં શેર ધરાવતા બિન-વ્યક્તિગત શેરધારકો) વ્યક્તિ સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ શેર ધરાવતા હોય તેમણે યુઝર આઈડી/પાસવર્ડ/જરૂરી માર્ગદર્શન સહિત નોટીસ ભાગરૂપે ની ઈ-વોટીંગની સુચના અનુસરીને સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com ઉપરથી મેળવી શકે છે. તદ્દઉપરાંત helpdesk.evoting@cdsindia.com ઈ-મેઈલથી વિનંતી કરીને વધુ માર્ગદર્શન મેળવી શકે છે. જો બિન-વ્યક્તિગત શેરધારકો અગાઉથી નોંધાયેલ હોય તો રીમોટ ઈ-વોટીંગથી મત આપવા માટે તેમનાં/તેણીનાં પોતાની હાલના યુઝર આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. ડીમેટ મોડમાં શેર ધરાવનાર વ્યક્તિગત શેરધારકો કે જેઓ મીટીંગની નોટિસ રવાના કર્યા બાદ શેર મેળવે અને કંપનીના સભ્ય બને અને કટ-ઓફ તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ શેર ધરાવતા હોય તેઓએ એજીએમની નોટિસમાં દર્શાવેલ પગલાઓ (સ્ટેપ્સ) અનુસરી શકે છે.
- જો સભ્યોએ તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપી દીધો હોય તેઓ મીટીંગમાં હાજર રહી શકશે પરંતુ બીજીવાર મત આપી શકશે નહિ.
- મીટીંગ વખતે એજીએમ દરમ્યાન ઈ-વોટીંગની સવલત અપાશે અને જે મીટીંગમો હાજર જે સભ્યોએ નોટીસમાં સુચિત કરેલા બધા કે કાઈપણ ઠરાવ પર રીમોટ ઈ-વોટીંગથી મત આપેલ ન હોય તેઓ તેમનો મત મીટીંગ વખતે આપી શકશે.
- ૨૫મી એજીએમ ની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પરનાં “રોકાણકારો” વિભાગ હેઠળ અને સીડીએસએલ પોર્ટલનાં ઈ-વોટિંગ વિભાગ પર www.evotingindia.com પણ ઉપલબ્ધ છે.
- એજીએમ માં હાજરી આપવા બાબતે અને સીડીએસએલ ની વોટિંગની સિસ્ટમ બાબતમા કોઇ પ્રશ્ન / ફરિયાદ હોયતો સભ્યોએ શ્રી રાકેશ દળવી, મેનેજર(સીડીએસએલ), સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડીયા) લિમીટેડ, એ વિંગ, ૨૫ મો માળ, મેરેથોન ફ્યુચ્યુરેક્ષ, મફતલાલ મિલ કંપાઉન્ડ, એન એમ જોષી માર્ગ, લોઅર પરેલ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩ નો સંપર્ક નક્કી કરેલ ઈ-મેઈલ આઈડી : helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ કરવો અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ અથવા ટોલ ફ્રિ નંબર : ૧૮૦૦ ૨૨ ૫૫૩૩ પર ફોનથી સંપર્ક કરવો.
- ડિપોઝીટરી એટલેકે **સીડીએસએલ** અને **એનએસડીએલ** દ્વારા લોગિન સંબંધિત કોઈપણ તકનીકી સમસ્યાઓ માટે ડીમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો માટે હેલ્પ ડેસ્ક :-

લોગીનનો પ્રકાર	હેલ્પ ડેસ્ક વિગત
સીડીએસએલ સાથે ડીમેટ મોડમાં સિક્યોરીટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો	લોગિનમાં કોઈપણ તકનીકી સમસ્યાઓનો સામનો કરતા સભ્યો helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને સીડીએસએલ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે અથવા ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨-૪૩ અથવા ટોલ ફ્રી નં.૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ પર સંપર્ક કરી શકે છે.
એનએસડીએલ સાથે ડીમેટ મોડમાં સિક્યોરીટીઝ ધરાવતા વ્યક્તિગત શેરધારકો	લોગિનમાં કોઈપણ તકનીકી સમસ્યાઓનો સામનો કરતા સભ્યો evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને એનએસડીએલ હેલ્પડેસ્કનો સંપર્ક કરી શકે છે અથવા ટોલ ફ્રી નં.૧૮૦૦ ૧૦૨૦૯૯૦ અથવા ટોલ ફ્રી નં.૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર સંપર્ક કરી શકે છે.

૩. ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર અને ઇલેક્ટ્રનિક બેન્ક મેન્ડેટ્સ / નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

ઈ-મેઈલ આઇડી / મોબાઇલ નંબર નોંધવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ તેમનાં ઈ-મેઈલ આઈડી / મોબાઈલ નંબર કંપની પાસે નોંધાવેલ નથી તેઓ KFin Technologies Limited (“KFintech”) ને ફોર્મ ISR–1 મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ડિમેટ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓએ પત્રવ્યવહાર મેળવવા માટે તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેઓનાં ઈ-મેઈલ એડ્રેસ અને લોગિન ઓળખપત્ર મેળવવા માટે મોબાઈલ નંબર અપડેટ કરાવવા વિનંતી.

બેન્ક મેન્ડેટ નોધાવવાની / અપડેટ કરાવવાની રીત :

- **ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર શેરધારકો માટે :** ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવનાર સભ્યશ્રીઓ કે જેઓએ ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વીસ અથવા અન્ય કોઈ માધ્યમ (“ઈલેક્ટ્રોનિક બેન્ક મેન્ડેટ”) દ્વારા તેમનાં બેન્ક ખાતામાં ડિવીડન્ડ મેળવવા માટે બેન્ક મેન્ડેટ અપડેટ કરાવેલ નથી, તેઓ સીધા જ તેમનાં બેન્ક ખાતામાં ઈલેક્ટ્રોનીકલી ડિવીડન્ડ મેળવવા માટે તેમની વિગતો જેવી કે બેન્ક અને તેની શાખાનું નામ, બેન્ક ખાતા નંબર, IFSC KFin Technologies Limited (“KFintech”) ને ફોર્મ ISR–1 માં મોકલીને અથવા આ ફોર્મ ઈ-સાઈન કરીને તેને einward.ris@kfintech.com. પર ઈ-મેઈલથી મોકલીને નોંધાવી શકે છે. ઉપરોક્ત ફોર્મ ISR–1 કંપનીની વેબસાઈટ www.gspcgroup.com ઉપરથી મેળવી શકાશે.
- **ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોએ તેમનાં ડીપોઝીટરી પાર્ટીસીપન્ટ પાસે તેમની ઈલેક્ટ્રોનિક બેંક મેન્ટેડ અપડેટ કરાવી લેવા વિનંતી.**

૪. ડીવીડન્ડ માટે ની રેકોર્ડ તારીખ, એજીએમ વખતે જો ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :

આથી સુચના આપવામાં આવે છે લે સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ટ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૨ને અનુસરીને, કંપનીએ ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલા નાણાંકીય વર્ષ માટે પ્રતિ શેર રૂા.૫.૦૦ (એટલે કે ૫૦%) ડિવીડન્ડની હકદારી નક્કી કરવા માટે “રેકોર્ડ તારીખ” તરીકે શુક્રવાર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૩ નક્કી કરેલ છે.

જો આગામી એજીએમમાં ડિવીડન્ડ જાહેર કરવામાં આવે તો, જે સભ્યોના નામનો (એ) ઈલેક્ટ્રોનીક ફોર્મમાં શેર ધરાવનાર શેરધારકોનું શુક્રવાર, તા.૧લી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ કે તે અગાઉ ડિપોઝીટરીઝ દ્વારા સુપરત કરાયેલ લાભકર્તા માલિકોની યાદીમાં (બ) શેરધારકોનું શુક્રવાર, તા.૧લી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ કામકાજના સમાપ્તિ સમયે પ્રાપ્ત થયેલા ફીઝીકલ સ્વરૂપનાં તમામ માન્ય શેર ટ્રાન્સફરને પ્રભાવિત કર્યા પછી, કંપનીનાં સભ્તોનાં રજીસ્ટરમાં સભ્યો તરીકે, સમાવેશ થયો હોય તો, તેઓને ડિવીડન્ડ ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ અથવા તે અગાઉ ચુકવવામાં આવશે.

- **એજીએમ વખતે ડીવીડન્ડ જાહેર કરવામાં આવે તો ડીવીડન્ડ ચુકવણીની રીત :**

૨૫મી એજીએમમાં જો શેરધારકો દ્વારા ડીવીડન્ડ મંજૂર કરવામાં આવેતો જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરેલ છે તેઓને ઈલેક્ટ્રોનીક મોડ મારફતે ચુકવાશે. જે શેરધારકોએ તેમની બેંકની માહિતી અપડેટ કરાવેલ નથી. તેઓને તેમના રજીસ્ટર્ડ સરનામે ડીવીડન્ડ વોરંટ/ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલાશે.

ડીવીડન્ડ મેળવવામાં મોડું થતું અટકાવવાં માટે અને ચુકવણીની તારીખે જ પોતાનાં બેંક ખાતામાં મેળવવા માટે, ઉપરાનાં ફકરા ૩ માં દર્શાવેલ પ્રક્રિયા અનુસરીને પોતાની બેંકની માહિતી અપડેટ કરવા શેરધારકોને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી,
સહી /-
સ્થળઃ ગાંધીનગર **રાજેશ્વરી શર્મા**
તારીખઃ૨૩/૦૮/૨૦૨૩ **કંપની સેક્રેટરી**

તસવીર : શૈલેન્દ્ર સોલંકી

ભારતના મિશન ચંન્દ્રયાન-૩ અંતર્ગત વિક્રમ લેન્ડરે સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિગ કરતાં જ સમગ્ર દેશમાં ખુશીની લહેર પ્રસરવા પામી છે. આમાં પાટનગર પણ બાકાત નથી રહ્યુ. ગાંધીનગરમાં કુડાસણ ખાતે ભાજપના અગ્રણીઓ-કાર્યકર્તાઓએ આ પ્રસંગને વધાવવા માટે ત્રિરંગા સાથે ફ્લેગ માર્ચ યોજી હતી જે લોકો માટે ધ્યાનનું કેન્દ્ર બની હતી. આ ઉપરાંત શહેરમાં અનેક જગ્યાએ ફટાકડાઓ ફોડીને ભારત દેશના આ અવિશ્વરણીય વિજયને આમજનતા દ્વારા બિરદાવવામાં આવ્યો હતો. જ્યારે બીજી તરફ ચંદ્રયાન ૩ ના લેન્ડિંગનું જીવંત પ્રસારણ જોવા માટે શહેર માં અલગ અલગ જગ્યાએ વ્યવસ્થા કરવામાં આવી હતી. જે અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે પણ તેનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું હતું. જે નિહાળવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, જીઅમસી ના કર્મચારી ઓ હાજર રહ્યા હતા. ઉપરાંત શહેરની અલગ અલગ સ્કૂલ ના વિદ્યાર્થીઓ પણ ચંદ્રયાન ૩ ના સફળ લેન્ડિંગ ને જોવા માટે ઉમટી પડ્યા હતા. સમગ્ર દેશવાસીઓ માટે આજનો દિવસ કદી ના ભુલી શકાય તેવો ખાસ રહ્યો હતો

ચંદ્રયાનની સફળતા આઝાદીના અમૃતકાળમાં અજોડ ઐતિહાસિક ઘડી : રીટાબેન પટેલ

ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગની ઐતિહાસિક ક્ષણે ભારતના અને ઈસરોના વૈજ્ઞાનિકો અને ગાંધીનગરજનોને અભિનંદન : યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ વિશ્વગુરુ બનવા તરફ દેશનું વધુ એક વિક્રમજનક કદમ : રીટાબેન પટેલ

ભારતના ઐતિહાસિક ચંદ્રયાન-૩ મિશન અંતર્ગત વિક્રમ લેન્ડરના સફળ સોફ્ટ લેન્ડિંગ પ્રસંગે ઈસરોના તમામ વૈજ્ઞાનિકો અને ગાંધીનગરવાસીઓને અભિનંદન પાઠવતા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે જણાવ્યું હતું કે "આ એક ઐતિહાસિક સિદ્ધિ છે, દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ વિશ્વગુરુ બનવા તરફ દેશનું વધુ એક વિક્રમજનક કદમ છે જેના પગલે સમગ્ર દેશ આજે ગૌરવની ક્ષણને માણી રહ્યો છે. દેશવાસીઓનો ઉત્સાહ આજે ચરમસીમા પર છે, દેશવાસીઓમાં નવું જોમ જગાડવાનું કાર્ય વૈશ્વિક નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના બાહોશ નેતૃત્વ તળે થઈ રહ્યું છે."

ધારાસભ્ય રીટાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે "આજે ભારતના વૈજ્ઞાનિકોએ સફળતા પ્રાપ્ત કરી ભારતનું ગૌરવ વધાર્યું છે તે બદલ આ મિશન સાથે સંકળાયેલા તમામ વૈજ્ઞાનિકો અને ટીમના સભ્યોશ્રીઓને હું હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું, આ સાથે ગાંધીનગરવાસીઓને પણ અભિનંદન આપું છું. ચંદ્રયાન-૩ની સફળતાએ સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગની એક નવી ચેતના પ્રસરાવી છે જે આગામી દિવસોમાં ભારતને વિશ્વગુરુ બનાવવા તરફ આગળ લઈ જશે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. હું ઈસરોનાં સર્વ વૈજ્ઞાનિકોને નતમસ્તક વંદન કરવા સાથે તેમના અથાગ પરિશ્રમને બિરદાવું છું, જેમણે સમગ્ર દેશવાસીઓને આઝાદીના અમૃતકાળમાં અજોડ ઐતિહાસિક ઘડીનું ગૌરવ અપાવ્યું છે. "

ગુડાના રાયસણ સ્થિત પંડિત દિનદયાળ આવાસ યોજનામાં બે દિવસથી પાણીનુ ટીપુ આવતુ નથી

રાયસણની બ્લોક નં -૩૫૨ આવાસ યોજનામાં અંદાજે ૬ લાખનુ વિજબીલ બાકી હોવાથી પાણીના બોરનુ જોડાણ કપાયુ : આખરે ગુડાએ વિજબીલની રકમનો ચેક આપવાનુ નક્કી કરતા રહીશોને રાહત

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના રાયસણ સ્થિત ગુડાની પંડિત દિનદયાળ યોજના બ્લોક નં -૩૫૨ ના રહીશો છેલ્લા બે દિવસથી પાણી માટે વલખા મારી રહ્યા છે. આ યોજનાના લાભાર્થીઓએ પાણીના બોરના જોડાણનુ વિજબીલ ન ચુકવતા જોડાણ કટ કરી દેવામાં આવ્યુ છે. જેના લીધે સ્થાનિક રહીશો બે દિવસથી આસપાસના વિસ્તારમાંથી ડોલ ઉંચકીને પાણી લઈ જતા નજરે પડે છે. પાણી વિના ત્રસ્ત આવાસ યોજનાના લાભાર્થીઓએ આ મામલે ગુડાને પણ રજુઆત કરી હતી જો કે સોસાયટીની રચના ન કરી હોવાનો મુદ્દો પણ સામે આવ્યો હતો ત્યારે હાલની સ્થિતિએ ગુડાએ બિલની રકમનો ચેક આપવાનો નિર્ણય લીધો છે. જેથી સમસ્યાનો અંત આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરનું ગૌરવ

કેયુરી પટેલ ચંદ્રયાન-૩ના સફળતાના મિશનની એક સભ્ય

ગાંધીનગર શહેર ભાજપના પૂર્વપ્રમુખ અને કોર્પોરેટર મહેન્દ્ર પટેલ (દાસ)ની દીકરીનું આગવું પ્રદાન

સમગ્ર વિશ્વ અને ભારતીયો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે ચંદ્રયાન-૩ના સફળતાપૂર્વકના લેન્ડીંગથી સમગ્ર દેશ ગર્વની લાગણી અનુભવી રહ્યો છે. ત્યારે ગાંધીનગરની દીકરી કેયુરી પટેલ આ ચંદ્રયાન-૩ મિશનનો એક હિસ્સો રહી છે. ચંદ્રની ધરતી પર ઉતરાણ કરાવવા લેન્ડરનો અતિ મહત્વનો રોલ સફળતાપૂર્વક પૂર્ણ થયો. લેન્ડર અંતર્ગત 'ડિજિટલ પ્રોસેસિંગ યુનિટ' આ લેન્ડર નું 'બ્રેઈન' છે.. જે ચંદ્રની ધરતી પર રોવર ની સલામત ઉતરાણ માટેની કામગીરી કરે છે.

ગાંધીનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અને કોર્પોરેટર મહેન્દ્ર પટેલ (દાસ)ની દીકરી કેયુરી પટેલ આ મિશનનો એક ભાગ હતી કે જે લેન્ડરની ડીઝાઈન તથા પ્રોજેક્ટ ટીમના સભ્ય છે... આ પ્રોજેક્ટ તેના પરીક્ષણમાંથી ઉત્તીર્ણ થયો તે બદલ દીકરી કેયૂરી પટેલ અને તેની ટીમને ખુબ ખુબ અભિનંદન આપતા પરિવારજનો અને નગરજનો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવે છે.

કલાકારો અને કલાસંસ્થાઓ જેની કાગડોળે વાટ જોઇ રહ્યા છે એ

નગરનો એકમાત્ર ટાઉનહોલ આગામી નવેમ્બર અંત સુધીમાં તૈયાર થઈ જશે

ટાઉનહોલના રીનોવેશનની કામગીરી પુર્ણતાના આરે છે : બેઠક વ્યવસ્થા માટે ખુરશીની પસંદગી કરી દેવામાં આવી : હવે બેઠક વ્યવસ્થા અને કાર્પેટનુ કામ હાથ ધરાશે : સાઇડની દિવાલના પેનલીંગનુ કામ ચાલી રહ્યુ છે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના એકમાત્ર ટાઉનહોલના રીનોવેશનની યોજનાને અનુલક્ષી હવે કલાકારો અને કલાસંસ્થાઓની ધીરજ ખુટી

તસવીર : શૈલેન્દ્ર સોલંકી

છે. જો કે હવે ટાઉનહોલના નવિનીકરણનુ કામ પુર્ણતાના આરે છે. ટાઉનહોલના હયાત સ્ટ્રકચરને યથાવત રાખવામાં આવ્યુ છે. જયારે હાલ હોલને અનુલક્ષી ઈલેક્ટ્રીફિકેશન, સ્ટેજ લાઈટીંગ, સાઉન્ડ, એ સી પ્લાન્ટ તેમજ લીફટ, ગ્રીનરૂમ, ટોઈલેટ બ્લોક સહીતનુ કામ પુર્ણ થઈ ગયુ છે. જયારે હાલ સાઈડની દિવાલના પેનલીંગની કામગીરી ચાલી રહી છે. બેઠક વ્યવસ્થા માટે ખુરશીની પસંદગી થઈ ગઈ છે જયારે હવે બેઠક વ્યવસ્થા તેમજ કાર્પેટનુ કામ પણ હાથ ધરાશે. ફાયર ફાઈટીંગ સિસ્ટમનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે હવે આગામી નવેમ્બર અંત સુધીમાં ટાઉનહોલના પ્રોજેકટનુ કામ પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલને છેલ્લા ચાર વર્ષથી તાળુ વાગી ગયુ છે. જેના લીધે નગરની કલા સંસ્થાઓ અને કલાકારોમાં પણ માયુષી છવાયેલી છે. કોરોના કાળ પુર્વે પણ જોખમી બનેલા ટાઉનહોલને ભાડેથી આપવાનુ બંધ કરી દેવાયુ હતુ જયારે ટાઉનહોલ મરણપથારીએ આવી જતા આખરે લાંબા સમય સુધી કાગળ પર અસ્તિત્વ ધરાવતા હોલના રીનોવેશની યોજનાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ વર્ષ ૨૦૨૧માં ટાઉનહોલના નવિનીકરણનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જો કે ટાઉનહોલના રીનોવેશનની કામગીરી પણ નિયત સમય મુજબ પુર્ણ થઈ નથી. જેના લીધે નગરની કલાસંસ્થાઓ અને કલાકારોમાં પણ રોષની લાગણી વ્યાપી છે. સમયાંતરે સાંસ્કૃતિક કાર્યક્રમનોનુ આયોજન કરતી સંસ્થાઓએ પણ સ્થળ માટે વલખા મારવાનો વારો આવ્યો છે. ત્યારે ટાઉનહોલનુ કામ હવે ઝડપથી થાય તેવી જ રીતે લોકાર્પણનો કાર્યક્રમ પણ તુરંત જ થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે. ટાઉનહોલના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૧૭

વર્ષ ૨૦૨૧ માં ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરાયુ હતુ : અંદાજિત ૧૭ કરોડના ખર્ચની આ યોજનાનુ કામ મંદ ગતિએ ચાલતા નગરના કલાકારો અને કલાસંસ્થાઓનો રોષ ચરમસીમાએ : ગ્રીનરૂમ, લીફ્ટ, સ્ટેજ, એ સી પ્લાન્ટ, સાઉન્ડ સિસ્ટમ, ટોઇલેટ બ્લોક સહીતનુ કામ પુર્ણ

કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જેમાં રૂ ૧૦ કરોડનો ખર્ચ ઈલેક્ટ્રીફિકેશન પાછળ નિયત કરવામાં આવ્યો હતો સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ઈલેક્ટ્રીફિકેશનની ૮૦ ટકા કામગીરી પુર્ણ કરી દેવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

અડાલજમાં બાકી રહેતા ૯૬ આવાસોનો ગુડા દ્વારા ડ્રો કરાશે

યોજનાના ડ્રોને અનુલક્ષી ગુડાને ૨૭૨૬ અરજીઓ મળી હતી

ગાંધીનગર તા ૨૩

અડાલજમાં ગુડા નિર્મિત એલઆઈજી ૨ પ્રકારના ફ્લેટ પૈકીના બાકી રહેલા ૯૬ આવાસનો ડ્રો કરવામાં આવશે આ આવાસ યોજના ને અનુલક્ષી ગુડા ને ૨૭૨૬ અરજીઓ મળી હતી જો કે હવે આવાસ ના મામલે સમય મર્યાદામાં સમય મર્યાદામાં નાણાની ચૂકવણી નહી કરનારા લાભાર્થીની મકાન ફાળવણી રદ કરવા સુધીના આકરા પગલાં લેવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે

ગુડા દ્વારા આવાસની ફાળવણી કેટેગરી મુજબ કરવામાં આવશે. આ અન્વયે ૯૬ પૈકીના ૬૭ આવાસ જનરલ કેટેગરીમાં ફાળવવામાં આવશે આ માટે ૧૮૬૪ અરજી મળી છે આ ઉપરાંત ૨૫ આવાસ ઓબીસી કેટેગરીમાં ફાળવાશે આ માટે ૭૯૩ અરજીઓ આવી છે. આ ઉપરાંત એસ ટી કેટેગરીમાં ૪ મકાન આપવામાં આવશે આ માટે ૬૯ અરજી મળી છે જ્યારે કુલ ૯૬ આવાસને અનુલક્ષી એક મહિનાના સમયગાળામાં ૨૭૨૬ અરજી મળી છે આવાસના ડ્રો મામલે ટુંકમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પરંતુ ડ્રો બાદ દસ્તાવેજી પુરાવાની ખરાઈ બાદ જ આવાસ ની ફાળવણી કરાશે જેના અંતે તંત્ર દ્વારા નાણા ની ચૂકવણી માટે જાણકારી આપવામાં આવશે જ્યારે નાણા ભરપાઈ નહીં કરનાર

● અનુસંધાન પાન-૭ પર

તસવીર : શૈલેન્દ્ર સોલંકી

શહેરમાં રખડતા ઢોર અને ગંદકીનો પ્રશ્ન એકમેક સાથે જોડાયેલા છે. રખડતા ઢોરના લીધે સેકટરોમાં ગંદકી થવાની સાથે આમ નાગરિકોની સલામતી સામે પણ ખતરો મંડરાય છે જયારે શેરી સફાઈના અભાવે ઠેર ઠેર કચરાના ઢગ પણ જોવા મળે છે. સેકટરોમાં સફાઈ કામગીરી હજુ જોઈએ તેવી થતી નથી જેના લીધે વરસાદી દિવસોમાં ગંદકીનો પ્રશ્ન વધુ હઠીલો બન્યો છે. રખડતા ઢોર પણ કચરાથી ઉભરાતા કન્ટેઈનરોમાં માથુ નાંખતા નજરે પડે છે. ત્યારે કચરાનો નિકાલ સમયસર થતો નથી તો બીજીતરફ રખડતા ઢોરની વર્ષો જુની સમસ્યા પણ હજુ યથાવત છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com